**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૯ ટકા

# નવા સેકટરોમાં ઘરફોડીયાઓનો આતંક યથાવત

## વધુ બે બંધ મકાનોના તાળા તોડી તસ્કરો ટીવી, વોશીંગ મશીન, દાગીના અને ગાદલાં પણ ઉઠાવી ગયા...! : પોલિસ નિષ્ક્રિય

ગાંધીનગર, તા.૨૫

કાળી ચૌદશે જૂના સેકટરમાંથી તસ્કરોએ ચોરી કરીને મુહૂર્ત સાચવી લીધા બાદ હવે નવા સેકટરોમાં આતંક મચાવી રહી છે. સેકટર-૭-ડીમાં અને સેકટર-૨-સીમાં બંધ મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરો સોના ચાંદીના દાગીના તો ઠીક પરંતુ એલઈડી ટીવી, વોશીંગ મશીન અને ગાદલાઓ પણ ગાડીમાં ભરીને લઈ ગયા હોવાની ચોંકાવનારી ઘટનાઓ બની છે. તેમ છતાં ચુસ્ત નાઈટ પેટ્રોલીંગ કરતી પોલીસને એકેય ચોર રસ્તામાં મળતો નથી તે એટલી જ કરૂણ બાબત છે...!

શહેરના સેકટર-૨-સી પ્લોટ નં. ૧૫૨૧/૨ ખાતે રહેતા રાજેશભાઈ મહાસુખલાલ કોઠારી તેમના પરીવાર સાથે ૧૯મી તારીખથી બહાર ગામ ગયા હતા. આજે સવારે ઘરે આવ્યા ને જોયું તો મકાનની બારીની લોખંડની ગ્રીલ તુટેલી હતી તસ્કરો તેમના મકાનમાં ઘુસીને ૨ સોનાની બંગડીઓ, એક સોનાની ચેઈન, એલઈડી ટીવી અને બે ગાદલાઓ મળીને કુલ રૂ. ૯૮ હજારની મત્તા સાફ કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. તો બીજી તરફ સેકટર-૭-ડી પ્લોટ નં. ૧૨૮૮/૧ ખાતે રહેતા અને એઈસીમાં નોકરી કરતા ભગુભાઈ ચૌધરી અઠવાડીયાથી મકાનને તાળુ મારીને બહાર ગયા હતા. ગઈ કાલે તેમના મકાનની સામે રહેતા એક કાકાએ સવારે ૪ થી ૫ વાગ્યાના અરસામાં સફેદ કલરની ઈકો જેવી ગાડી લઈને આવેલા ચોરોને જોયા હતા. આ ચોરો ભગુભાઈના બંધ મકાનમાં ઘુસીને એલઈડી ટીવી, વોશીંગ મશીન, કાંડા ઘડિયાળ અને ચાંદીનો ગ્લાસ મળી રૂ. ૯૭,૫૦૦ની મત્તા ચોરી ગયા હતા બંને બાબતે સે-૭ પોલિસ મથકમાં ગુનો દાખલ થયો છે. જો કે પોલિસ ચોરો સુધી પહોંચી શકી નથી.

# સિવિલમાં ગત સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં મચ્છરજન્ય રોગાચાળાએ માથું ઉચક્યું છે. ચોમાસાની સિઝન બાદ મચ્છરજન્ય રોગચાળો ઘટવાને બદલે દિનપ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં તા.૧૬ થી ૨૨ ઓકટોબર દરમિયાન ડેન્ગયુના ૧૮ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. જયારે ડેન્ગ્યુ ઉપરાંત ચિકનગુનિયાના-૩, ટાઈફોઈડના-૭, મેલેરીયાના-૮ અને કમળાના-૩ દર્દી નોંધાયા છે. જેથી વાહકજન્ય રોગાચાળાને કાબુમાં કરવા તંત્રએ કામગીરી આરંભી દીધી છે.

ચાલુવર્ષેરાજયભરમાંમેઘરાજા મનમુકીને વરસ્યા હતા. મેઘરાજાએ પોતાનો મિજાજ બતાવતા રાજયના શહેરી અને ગ્રામ્ય વિસ્તાર પાણીપાણી થઈ ગયા હતા. ત્યારે ભર ચોમાસે રાજયમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો હતો. ગાંધીનગર શહેરમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર હતી. સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ઓછી થતા આરોગ્યવિભાગ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.પરંતુ હવે મચ્છરજન્ય રોગાચાળાએ માથું ઉંચકયું છે. સિવિલમાં તા.૧૬ થી ૨૨ દરમિયાન ડેન્ગ્યુના-૧૮, ચિકનગુનિયાના-૩, ટાઈફોઈડના-૭, મેલેરીયાના-૮ અને કમળાના -૩ કેસ નોંધાયા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું છે અને કામગીરી આરંભી દીધી છે. ચોમાસાની સિઝન બાદ શિયાળાના પ્રારંભે જ મચ્છરજન્ય રોગાચાળાએ અજગરી ભરડો લીધો છે. શહેરમાં દિનપ્રતિદિન મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળામાં વધારો નોંધાતા જિલ્લાના રહેવાસીઓમાં ચિંતાનું મોજુ પ્રસર્યુ છે.



દિવાળીના તહેવારની રજાઓ પછી નૂતનવર્ષે પોતાના ધંધા-વ્યવસાયને નવા જોમ, નવા ઉત્સાહ અને નવા વિચારો સાથે પુનઃ પ્રારંભ કરવાનું વણજોયું મુહૂર્ત એટલે લાભપાંચમ. આ દિવસે શહેરમાં મોટા શો-રૂમ, દુકાન કે ફેકટરી ધારક વેપારીઓ કે ઉત્પાદકોથી માંડીને નાના સામાન્યમાં સામાન્ય વ્યવસાયકારોએ વેપાર-ધંધાની શરૂઆત ઈષ્ટદેવના પૂજન અર્ચન સાથે કરી હતી.



લાભ પંચમીનું શુભ પર્વ જ્ઞાનપંચમી તરીકે પણ ઓળખાય છે. આ દિવસે જ્ઞાનની દેવી માતા સરસ્વતીનું પૂજન કરવામાં આવે છે. શહેરના સેકટર-૩-ડીમાં જૈન દેરાસર ખાતે સરસ્વતી પૂજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું જેનો શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો.

# આવતીકાલે 'સાઈ' ખાતે બીએસએફ ઈન્ટર ફ્રન્ટિયર્સ એથ્લેટ મીટનો પ્રારંભ

## આ સાથે બીએસએફ ઈન્ટર કમાન્ડ વિમેન્સ બાસ્કેટબૉલ પણ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ સ્ટેડિયમ ખાતે તા. ૨૭મી ઓકટોબરથી બીએસએફની ઈન્ટર કમાન્ડ વિમેન્સ બાસ્કેટબૉલ તથા એથ્લેટિકસ મીટ ૨૦૧૭નો પ્રારંભ થશે. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં દેશભરના બીએસએફ એકમોના ખેલાડીઓ વિવિધ રમતોમાં ભાગ લેશે.

સાઈ સંકુલ ખાતે તા. ૨૭મી ઓકટોબરે સાંજે ૪ કલાકે ગુજરાત રાજયના નાણાં વિભાગના અધિક સચિવ અનિલ મુકિમના હસ્તે સ્પર્ધાનું ઉદઘાટન કરાશે. આ રમતોત્સવમાં મહિલાઓ માટેની બાસ્કેટબૉલ સ્પર્ધા તથા તમામ કેટેગરીના સ્પર્ધકો માટે એથ્લેટિકસ સ્પર્ધાઓ યોજાશે. જેમાં સે-૧૫ સ્થિત સાઈ સ્ટેડિમય તથા બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર સંકુલ ખાતેના સ્પોર્ટસ કલબ ગ્રાઉન્ડનો પણ ઉપયોગ કરાશે. આ રમતોત્સવ તા. ૩૧મી ઓકટોબર સુધી ચાલશે અને સ્પર્ધાના અંતે વિજેતાઓને મેડલ્સથી નવાજવામાં આવશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લામાં કાર્યરત પીએસઆઈ ડી.ડી. પરમારની તાજેતરમાં ભાવનગર જિલ્લા ખાતે બદલી કરવામાં આવી હતી જયાં તેઓ હાજર થયા ત્યાં જ તુરંત ફરી તેમને ડીજીપી દ્વારા બદલીનો ઓર્ડર મળ્યો છે. હવે તેમની બદલી સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે કરવામાં આવી છે.

# જલારામ જયંતિ નિમિત્તે શુક્રવારે શોભાયાત્રા

ગાંધીનગર, તા.૨૫

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૭મી ઓકટોબર કારતક સુદ-૭ના દિવસે જલારામ જયંતિ ધામધૂમથી ઉજવાશે.

જલારામ જયંતિના દિવસે સવારે સાડા છ વાગે અખંડ ધૂન તથા શોભાયાત્રા સવારે ૮ કલાકે શ્રી જલારામધામ સે-૨૯ થી નીકળી શ્રી ભોજલરામ મંદિર, સે-૭ ખાતે પહોંચી પરત આવશે. પૂ. બાપાની પૂજનવિધિ સવારે ૮.૩૦ કલાકે કરાશે. અન્નકૂટ દર્શન સાંજે ૪ થી રાત્રે ૯ કલાક સુધી તેમજ મહાઆરતી સાંજે ૬.૪૫ કલાકે થશે. વીરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન સાંજે ૭ કલાકે કરાશે તથા મહાપ્રસાદનું આયોજન ૭.૧૫ કલાકે શ્રી જલારામ ધામ સે-૨૯ ખાતે કરવામાં આવ્યું છે તમ મંત્રી કિશોરભાઈ હિંડોચા તથા પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી જલારામ સેવા સમાજ ગાંધીનગર એ જણાવ્યું છે.

# મિહિર દવે પીએચ.ડી. થયા

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના ગ્રામીણ પરિસર-રાંધેજા ખાતે સંચાલિત ગ્રામ વ્યવસ્થાપન વિભાગ, વ્યવસ્થાપન અને તકનીકી વિદ્યાશાખામાં



મિહિર દવેને "દક્ષિણ ગુજરાતમાં આદિવાસી મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સંચાલિત આરોગ્ય અને પોષણલક્ષી યોજનાઓની અસરકારકતાનો વ્યવસ્થાપકીય અભ્યાસ" વિષય ઉપર પીએચ.ડી. ઉપાધિ એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય પ્રોફેસર લોકેશ જૈનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તેમને આદિવાસી વિસ્તારમાં સંચાલિત આરોગ્ય ખાતાની મહિલાઓ અને બાળકો માટે સંચાલિત આરોગ્યલક્ષી યોજનાઓ ચિરંજીવી યોજના, જનની સુરક્ષા યોજના, બાળસખા યોજના, મમતા દિવસ કાર્યક્રમ, આંગણવાડી કાર્યક્રમ, આરોગ્ય શિક્ષણ કાર્યક્રમનો વ્યવસ્થાકીય દષ્ટિએ અભ્યાસ કરી લાભાર્થીઓ ઉપર તેની અસર વિષે રહસ્યોદ્ઘાટન કરેલ છે.

## જન્મદિને વધામણી



નટવરભાઈ વ્યાસ
ટ્રસ્ટી, સમર્પણ સેવા ટ્રસ્ટ
વૈજનાથ મહાદેવ (વાસણ)
મો. ૯૬૩૮૭ ૭૦૧૮૨
મો. ૯૧૫૭૬ ૩૭૯૪૩



ભરતકુમાર
કેશવલાલ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩



ઓમ જી વાઘેલા
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



હની મનીષકુમાર પંડ્યા
મો. ૯૭૧૪૯ ૮૬૨૯૬

## ચિલોડા પોલિસ ફાંકા મારવામાં રહી ગઈ ને...

# રેન્જ આઈજીની સ્કવોર્ડે ચિલોડા રોડ પરથી દારૂ ભરેલી ગાડી પકડી પાડી..!

## તહેવારોમાં ચિલોડા હાઈવે પરથી ધનાધન દારૂ ભરેલા વાહનોની હેરાફેરી થઈ : આરઆર સેલના હાથે બે વાહનો ઝડપાયા : ડભોડા અને એલસીબીની ટીમે ત્રણ વાહનો પકડયા

ગાંધીનગર, તા.૨૫

દિવાળીના તહેવારો દરમિયાન પોલિસ ભલે કહેતી કે દારૂબંધી ચુસ્તપણે અમલવારી કરાવાઈ રહી છે પરંતુ ધૂમ દારૂ વેચાયો છે અને પીવાયો છે તે ઉપરાંત દારૂની હેરાફેરી પણ ખુબ થઈ છે. દારૂ-બિયરની હેરાફેરી માટે મોટા ભાગે ચિલોડા હાઈવે હોટ ફેવરેટ છે પરંતુ ચિલોડા પોલિસને હાથમાં કોઈ ગાડી આવતી જ નથી તે બાબદ શંકાસ્પદ છે.

તાજેતરમાં ગાંધીનગર એલસીબીની ટીમે બે ગાડીઓ ગાંધીનગર શહેરમાંથી પકડી તે બંને ચિલોડા રોડ પરથી જ પ્રવેશી હતી તે ઉપરાંત બે દિવસ અગાઉ ડભોડા પોલિસે રણાસણ સર્કલ પાસેથી એક ગાડી પકડી તે પણ ચિલોડા રોડ પરથી પસાર થયેલી ગાડી હતી. આ ઉપરાંત ગાંધીનગર રેન્જ આઈજીપીની સ્કવોર્ડે આર.આર.સેલે પણ બે ગાડીઓ તાજેતરમાં ચિલોડા રોડ પરથી પકડી પાડી હતી. બેસતા વર્ષે છાલા નજીકથી દારૂ-બિયર ભરેલી ગાડી પકડી હતી અને ગઈ કાલે ચિલોડા સર્કલથી જ એટલે કે ચિલોડા પોલિસ સ્ટેશનના દરવાજા સામેથી જ ખીચોખીચ દારૂ-બિયર ભરેલી ટવેરા ગાડી પકડી પાડી હતી. ઉપરોકત તમામ ગાડીઓ ચિલોડા રોડથી ગઈ પરંતુ ચિલોડા પોલિસને જાણે કાંઈ ખબર જ નથી હોતી તે બાબત શંકાસ્પદ છે અને જો ખરેખર ખબર ન રહેતી હોય તો તે પોલિસ સ્ટેશનના અમલદારની નિષ્ક્રિયતા છે તે વાતમાં પણ કોઈ બે મત નથી. ગઈ કાલે ચિલોડા પોલિસ સ્ટેશનમાં સ્નેહમિલન સમારોહ ઉજવાઈ રહ્યો હતો અને પોતાની કામગીરીઓના ફાંકા મારવામાં આવી રહ્યા હતા તે જ વખતે આરઆરસેલની ટીમે ટવેરા પકડીને ચિલોડા પોલિસ સ્ટેશનમાં લઈને ટીમ કમ્પાઉન્ડમાં પહોંચી ત્યારે તો ચિલોડા પોલિસને ખબર પડી કે અમારી હદમાંથી હેરાફેરી કરતી દારૂ ભરેલી વધુ એક ગાડી પકડાઈ છે. આરઆરસેલે વિદેશી દારૂની ૫૨૮ નંગ બોટલ અને ૯૦૬ નંગ બિયરના ટીનનો જથ્થો તથા ટવેરા મળી કુલ રૂ. ૫,૭૨,૭૦૦ના મુદ્દામાલ સાથે ડુંગરપુરના રાહુલ સોમા વરહાત (મીણા)ની ધકપકડ કરી પુછપરછ કરતાં ઉદેપુરના સુનીલ દરજી, ચિરાગ પંચોલી, ભરત ઉર્ફે ભુરો ડાંગી અને વિશાલ તથા પીન્ટુ મળી અન્ય પાંચના નામ ખુલતા તેમની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.



**વી.કેર ફાઉન્ડેશન દ્વારા ગરીબોને મિઠાઈ વિતરણ**

ગાંધીનગર સ્થિત સેકટર-૧ના તળાવ કિનારે રહેતા જરૂરિયાતમંદ ગરીબ પરિવારોને નૂતન વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાભાવી સંસ્થાઓ હરહંમેશ વાર તહેવારે ગરીબ પરીવારોને સેવાયજ્ઞ તથા સેવાકીય પ્રવૃત્તિ દ્વારા સામાજિક જવાબદારી વહન કરતા નાગરિકો સેવાકાર્યનું બીડું ઝડપી મદદરૂપ ભાવનાથી સંતોષ વ્યકત કરતા હોય છે.

# સે-૧૬ પાસે રીક્ષા પલ્ટી જતાં ઘાયલ યુવાનનું મૃત્યુ

શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી પાસે વિવેકાનંદનગરમાં રહેતા ૩૨ વર્ષીય જસવંતભાઈ બાબુલાલ બાબરીયા ૨૨ તારીખે તેમની પત્નિ હેતલબેન અને બાળકોને લઈને પડોશીની રીક્ષામાં લાંભા દર્શન કરવા જવા નીકળ્યા હતા. સે-૧૬ના ખુણા પાસે રીક્ષા પહોંચી ત્યારે આડે બાઈક આવતા રીક્ષા ચાલકે સ્ટીયરીંગ ફેરવી દેતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી અને જસવંતભાઈ ગંભીર રીતે ઘાયલ થતા અમદાવાદ ખાતે હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ હતા. આજે વહેલી સવારે સારવાર દરમિયાન તેમનું કરૂણ મૃત્યુ નિપજતા સે-૨૧ પોલિસે ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

# પેટ્રોલના ખર્ચના બોજથી મુકિત અપાવશે 'સ્વરાજ'

## ગાંધીનગરના સે.૩-સીમાં રહેતા પ્રો. કૌશલ જાની તથા ટીમે વિકસાવ્યું દેશનું સૌ પ્રથમ ૪-સ્પીડ ગીયર એન્જિનવાળુ ઈલેકટ્રીક બાઈક : પૂ. બ્રહ્મ વિહારી સ્વામીના હસ્તે લાભપાંચમે બાઈકનું મુહૂર્ત કરાયું

ગાંધીનગર, તા.૨૫

પેટ્રોલ, ડીઝલ અને ગેસ જેવા વાહનોના ઈંધણના સતત વધતા જતા ભાવો સરેરાશ મોંઘવારી વધારવા સાથે સામાન્ય માનવીનું જીવન દોહ્યલું બનાવી રહ્યા છે, વળી આ ઈંધણનો વપરાશ પર્યાવરણને નુકસાન કર્તા હોવા છતાં તેનો ઉપયોગ અનિવાર્ય છે. આ સંજોગોમાં ગાંધીનગરના પ્રો. કૌશલ જાની તથા તેમની ટીમે બે વર્ષની મહેનત અને દોઢેક લાખના ખર્ચે બેટરીથી ચાલતુ ચાર ગીયરવાળુ બાઈક બનાવ્યું છે જે ૬૫ કિમીની ઝડપે ચાલી શકશે અને એક વાર બેટરી ચાર્જ કર્યા પછી ૭૦ કિમીની એવરેજ પણ આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રો. જાની અગાઉ સરહદ સુરક્ષાને ઉપયોગી તેવી દેશની પ્રથમ ડ્રાયવરલેસ કાર પણ બનાવી ચુકયા છે.

ગાંધીનગરના સેકટર-૩-સીમાં રહેતા અને સાયન્સ સીટી પાસેની સાલ એન્જિનીયરીંગ કોલેજના કોમ્પ્યુટર વિભાગમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત પ્રો. કૌશલ જાની દ્વારા તૈયાર કરાયેલ



ભારતના સૌ પ્રથમ ઈલેકટ્રીક એન્જિનનું આજે લાભ પાંચમના શુભ દિવસે બીએપીએસના પૂ. બ્રહ્મ વિહારી સ્વામીના હસ્તે મુહૂર્ત કરવામાં આવ્યું હતું. પ્રો. જાની કહે છે કે આ બાઈક બનાવવાની પ્રરણા પણ તેમને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વર્ષ ૨૦૧૫માં અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત આયોજિત પૂ. બ્રહ્મવિહારી સ્વામીના વકતવ્ય 'થીંક ડિફરન્ટ, બી ડિફરન્ટ' વકવ્યમાંથી મળી હતી. આ બાઈક બજારમાં મળતા ચાઈનીઝ બાઈક કરતા અલગ છે. અને ૪-સ્પીડ ગીયર ધરાવે છે, વળી તેનો દેખાવ પણ યુવાનોને પસંદ પડે તેવો સ્પોર્ટસ બાઈક જેવો બનાવાયો છે. અગત્યની વત તો એ છે કે આ બાઈકને સોલારથી પણ ચાર્જ કરી શકાય છે. હાલ આ બાઈકને સામાન્ય જનતા સુધી પહોંચાડી શકાય તે માટે પ્રો. જાની તથા તેમની ટીમ સરકારી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કાર્યરત છે.

પ્રો. કૌશલ જાનીને આ બાઈક વિકસાવવામાં ડિઝાઈનીંગ માટે વિશાલ ચૌહાણ જેઓ પોતે એન્જિનીયર છે, ફેબ્રિકેશન વર્ક માટે જીઆઈડીસીમાં ગીરીશ પ્રજાપતિ જેઓનું પોતાનું લેથ મશીન છે અને જરૂરી સ્પેર પાર્ટસ મેળવવા માટે જીતુભાઈ મદદરૂપ બન્યા હતા. આ બાઈકને સંપૂર્ણ પણે ભારતીય ઉત્પાદન હોવા ઉપરાંત ઈંધણ માટે પણ અન્ય દેશ આધારીત નહીં રહેવું પડે તેથી તેનું નામ 'સ્વરાજ' પાડવામાં આવ્યું છે. આ ઉપયોગી શોધ જો વાસ્તવિકતામાં પરિણમશે તો ચોકકસપણે સામાન્ય માનવી માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

### જથ્થાબંધ ઉત્પાદનમાં રૂ.૫૦ હજાર સુધીની કિંમતે મળી શકશે

અત્યારે આ બાઈક સંપૂર્ણપણે કબાડી માર્કેટમાંથી પ્રાપ્ત કરાયેલ ચીજવસ્તુઓથી બનાવાયું છે. પરંતુ જો કોઈ કંપની તેનું મોટા પાયે ગ્રાહકલક્ષી ઉત્પાદન કરશે તો તેની કિંમત આશરે રૂ. ૫૦ હજારની આસપાસની રહી શકશે તેવું પ્રો. જાનીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. મુકેશજી દશરથજી ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. તખતસિંહ પ્રભાતસિંહ ઝાલા, ઉ.વ. ૬૩
- સ્વ. જોઈતીબેન ગાભાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. વિસાજી જુહાજી મકવાણા, ઉ.વ. ૮૦
- સ્વ. જસવંતભાઈ બાબુભાઈ બાબરીયા, ઉ.વ. ૩૨
- સ્વ. સ્વામીનાથ સીતારામ સિંઘ, ઉ.વ. ૭૪